# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા.૨૫.૦૧.૨૦૧૮

-------------------

**આવતીકાલે પ્રજાસત્તાક દિન નિમિત્તે**
**પ્રદેશ કાર્યાલય “શ્રી કમલમ્” ખાતે પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી આઈ. કે. જાડેજા ધ્વજવંદન કરશે**

-------------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી ભાવનગર ખાતે ધ્વજવંદન કરશે**

-------------------

પ્રદેશ મીડીયા સેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશ દ્વારા પ્રદેશ કાર્યાલય, “શ્રી કમલમ્” ખાતે આવતીકાલ તા. ૨૬ જાન્યુઆરીને શુક્રવારના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે સવારે ૦૯.૦૦ કલાકે ધ્વજ વંદનનો કાર્યક્રમ રાખેલ છે. પ્રદેશ કાર્યાલય, “શ્રી કમલમ્” ખાતે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી આઈ. કે.જાડેજાના વરદ હસ્તે કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે.

ગુજરાત ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી આવતીકાલે સવારે ૮.૩૦ કલાકે પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે સ્વામીનારાયણ ગુરુકુળ, સરદારનગર, ભાવનગર ખાતે ઉપસ્થિત રહી ધ્વજવંદન કરશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા.૨૫.૦૧.૨૦૧૮

-------------------

**આવતીકાલે પ્રજાસતાક દિન નિમિત્તે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં અને યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વિજ પટેલની હાજરીમાં નડિયાદ ખાતે “સામાજીક સમરસતા તિરંગા યાત્રા” યોજાશે**

-------------------

**યુવા મોરચા સમરસતાના ભાવ સાથે ૪૧ જિલ્લામાં “સામાજીક સમરસતા તિરંગા યાત્રા” યોજશે**

-------------------

પ્રદેશ મીડિયા સેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિ હેઠળ યુવા મોરચા અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વિજ પટેલની હાજરીમાં આવતી કાલે પ્રજાસતાક દિન નિમિત્તે યુવા મોરચા દ્વારા નડિયાદના સરદાર ભવનથી સરદાર વલ્લભભાઈ પટેલના જન્મ સ્થળ સુધી બપોરે ૩.૦૦ કલાકે સામાજીક સમરસતા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે.

ગુજરાતના ૪૧ જિલ્લામાં યુવા મોરચા દ્વારા પ્રજાસત્તાક દિન નિમિત્તે દેશની આઝાદી માટે પ્રાણની આહુતિ આપનાર આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ સરહદ પાર દેશની રક્ષા કાજે પ્રાણની આહુતિ આપનાર આપણા શહિદ જવાનોની કુરબાનીને યાદ કરવા અને દેશમાં એક સમરસતાનું વાતવરણ બની રહે તે હેતુથી દરેક સમાજના યુવાનોને સાથે રાખીને સામાજીક સમરસતા તિરંગા યાત્રાનું આયોજન કરી રાજ્યમાં સમરસતાના ભાવનું વાતાવરણ ઉભું કરશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ